# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 19-05-2024 EVENING : 7.50 to 8.00
Day : SUNDAY National News

### આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

**************************************************

- ✓ આવતીકાલે લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કામાં છ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 49 બેઠકો માટેના મતદાન માટે ચૂંટણી તંત્ર સજ્જ.
- ✓ હવે પછીના તબક્કાઓના ચૂંટણી માટે પ્રચાર પૂરજોશમાં.. પ્રધાનમંત્રી મોદીએ પશ્ચિમ બંગાળ અને માયાવતીએ ઉત્તર પ્રદેશમાં ચૂંટણી સભા સંબોધી.
- ✓ દિલ્હીમાં ભાજપના મુખ્યાલય તરફ કૂચ કરતાં આમ આદમી પાર્ટીના કાર્યકરોની અટકાયત .. કેજરીવાલે ભાજપ પર બદલાની ભાવનાનો આરોપ મૂક્યો.
- ✓ દેશમાં વહેલા ચોમાસાના સંકેત...ચોમાસુ 31મી મે સુધી કેરળમાં પહોંચી તેવી સંભાવના ... દેશના અનેક રાજ્યોમાં હિટવેવની સ્થિતિને કારણે લોકો પરેશાન.
- ✓ થાઇલેન્ડ બેડમિન્ટન ઓપન ટૂર્નામેન્ટમાં ભારતનો દબદબો... સાત્વિક સાંઇરાજ અને ચિરાગ શેટ્ટીની જોડીએ જીત્યો ખિતાબ..

**********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AAP PROTEST

દિલ્હીમાં પોલીસે  આમ આદમી પાર્ટીના કેટલાંક કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી.. આપ દ્વારા જેલભરો આંદોલનની જાહેરાત કરવામાં આવી હતી..દિલ્હી સ્થિત ભાજપના મુખ્યાલય તરફ કૂચ કરી રહેલા આમ આદમી પાર્ટીના કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.

પત્રકારો સાથે વાતચિત કરતાં સેન્ટ્રલ દિલ્હીના ડીસીપી એમ હર્ષ વર્ધને જણાવ્યું હતું કે ડીડીયુ માર્ગ પર સીઆરપીસીની કલમ 144 હેઠળ પ્રતિબંધો લાદવામાં આવ્યા છે આ પ્રતિબંધોની અવગણના કરીને વિરોધ પ્રદર્શન કરવા જઇ રહેલા કાર્યકરોની અટકાયત કરાઇ હતી..

જોકે જેલભરો આંદોલનની શરૂઆત પહેલા દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રિય સંયોજક અરવિંદ કેજરીવાલે સભાને સંબોધી હતી.. તેમણે આરોપ લગાવ્યો હતો કે ભાજપ AAP નેતાઓ સામે બદલો લઇ રહી છે.. તેમણે આશંકા વ્યક્ત કરી હતી કે આગામી દિવસોમાં AAP નેતાઓની ધરપકડ કરવામાં આવી શકે છે અને પાર્ટીના ખાતાઓ ફ્રીઝ કરાશે.

# CALCIUM CARBIDE

ફળો પકવવામાં કેલ્શિયમ કાર્બાઇડના પ્રતિબંધનું પાલન કરવા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ફળોના વેપારીઓને ચેતવણી આપી છે.

FSSAI એ રાજ્યો અને  કેન્દ્રશાસિત પ્રદેશોના ખાદ્ય સુરક્ષા વિભાગોને પણ સતર્ક રહેવા અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ધારો,  2006 અને તેના હેઠળ બનાવેલા

નિયમો અને વિનિયમોની જોગવાઈઓ અનુસાર આવા ગેરકાયદેસર વ્યવહારમાં સંડોવાયેલા વ્યક્તિઓ સામે ગંભીર પગલાં લેવા અને કડક કાર્યવાહી કરવાની સૂચના આપી રહી છે.

કેલ્શિયમ કાર્બાઈડ, સામાન્ય રીતે કેરી જેવા ફળોને પકવવા માટે વપરાય છે, જે એસીટીલીન ગેસ છોડે છે જેમાં આર્સેનિક અને ફોસ્ફરસના હાનિકારક દ્રવ્યો હોય છે. આ પદાર્થો, જેને 'મસાલા' તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ગંભીર રોગોનું કારણ બની શકે છે જેમ કે ચક્કર, વારંવાર તરસ, બળતરા, નબળાઇ, ગળવામાં મુશ્કેલી, ઉલટી અને ચામડીના અલ્સર વગેરે. વધુમાં, એસીટીલીન ગેસ આરોગ્ય માટે જોખમી છે.

## BJP AAP

ભાજપે કહ્યું છે કે આમ આદમી પાર્ટી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના પીએ બિભવ કુમાર અને સ્વાતી માલીવાલના વિવાદ મુદ્દે ભાજપની કોઇ ભૂમિકા નથી. આ મામલે AAP પાર્ટી દ્વારા ભાજપ પર લગાવાયેલી આરોપોને ભાજપે ખોટા ગણાવ્યા હતા.. મીડિયાને સંબોધતા દિલ્હી ભાજપના અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ વધુમાં કહ્યું કે સ્વાતિ માલીવાલ AAPના સાંસદ છે અને તેમની જ પાર્ટીના કન્વીનરના પીએ દ્વારા તેમની સાથે ખરાબ વર્તન કરાયુ હતું. તેમણે સવાલ કર્યો હતો કે સ્વાતિ માલીવાલની ઘટના પર શ્રી કેજરીવાલ કેમ ચૂપ છે?

દરમિયાન, AAPના વરિષ્ઠ નેતા સૌરભ ભારદ્વાજે સ્વાતિ માલીવાલ હુમલાના કેસમાં ભાજપ પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે સમગ્ર પ્રકરણમાં AAP વિરુદ્ધ રાજકીય રીતે પ્રેરિત ષડયંત્ર ઘડાયું છે.. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાતચિત કરતાં તેમણે આ મામલે ગેરસમજ ઉભી કરવાના દિલ્હી પોલીસના પ્રયાસો પર સવાલ ઉઠાવ્યા

હતા. તેમણે આરોપ લગાવ્યો કે દિલ્હીમાં લોકસભાની ચૂંટણી પહેલા ભાજપ AAPને બદનામ કરવા માટે તંત્રનો દૂર ઉપયોગ કરી રહી છે. તેમણે ગોપનીય કેસના દસ્તાવેજો જાહેર કરવા બદલ દિલ્હી પોલીસ અને ભાજપ પાસેથી જવાબ માંગ્યો હતો.

# FIFTH PHASE ELECTION

ભારતીય ચૂંટણી પંચ આવતીકાલે યોજાનારા લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કા માટે તૈયાર છે. 8 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 49 સંસદીય બેઠકો પર મતદાન થવાનું છે. ઓડિશા વિધાનસભાના 35 વિધાનસભા મત વિસ્તારો માટે પણ એક સાથે મતદાન થશે. મતદાન આરામદાયક અને સુરક્ષિત વાતાવરણમાં થાય તે માટે મતદારોને પૂરતા પ્રમાણમાં છાંયડો, પીવાનું પાણી, રેમ્પ, શૌચાલય અને અન્ય પાયાની સુવિધાઓની સાથે મતદાન મથકો તૈયાર છે. સંબંધિત સીઇઓ અને ડીઇઓ અને સરકારી તંત્રોને જ્યાં ગરમ હવામાન રહેશે તેવી આગાહી કરવામાં આવી છે, ત્યાં વ્યવસ્થાપન કરવા પર્યાપ્ત પગલાં લેવાની સલાહ આપવામાં આવી છે. મતદાન પક્ષોને મશીનો અને મતદાન સામગ્રી સાથે તેમના સંબંધિત મતદાન મથકો પર રવાના કરવામાં આવ્યા છે.

પંચે મતદારોને મતદાન મથકો પર વધુ સંખ્યામાં મતદાન કરવા અને જવાબદારી સાથે મતદાન કરવા હાકલ કરી છે. અત્યાર સુધી લોકસભા ચૂંટણી 2024માં લગભગ 66.95 ટકા મતદાન થયું છે.

પાંચમાં તબક્કામાં 8 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો પર મતદાન થવાનું છે જેમાં - બિહાર, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ઝારખંડ, મહારાષ્ટ્ર, ઓડિશા, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ. આ તબક્કામાં મુંબઈ, થાણે, લખનઉ જેવાં શહેરોમાં મતદાન થવાનું છે,

બાકીના તબક્કાનું મતદાન 1 જૂન સુધી ચાલશે અને 4 જૂને મતગણતરી થવાની છે. સામાન્ય ચૂંટણીના પ્રથમ ચાર તબક્કામાં 23 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો અને 379 સંસદીય બેઠકો માટે મતદાન સરળ અને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું હતું.

# SA ELECTION

દક્ષિણ આફ્રિકાના રાજકારણમાં છેલ્લા ત્રીસ વર્ષથી પ્રભૂત્વ ધરાવતી શાસક આફ્રિકન નેશનલ કોંગ્રેસ આ મહિને યોજાનારી તેની સૌથી મુશ્કેલ ચૂંટણીનો સામનો કરી રહી છે. મતદારો નવી નેશનલ એસેમ્બલી તેમજ પ્રાંતીય ધારાસભાઓ પસંદ કરશે. ત્યારે વર્તમાન રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાને આશા છે કે 29 મેએ યોજાનારા મતદાનમાં તેમની ફરીથી મતદારો ચૂંટશે. ANC સૌથી વધુ મત મેળવે તેવી અપેક્ષા છે, પરંતુ જો તે 50 ટકાથી ઓછા મત મેળવે છે, તો 71 વર્ષીય રામાફોસાને ફરીથી ચૂંટવા માટે ગઠબંધનની જરૂર પડશે. બીજીતરફ જોન સ્ટીનહુઈસેન મુખ્ય વિરોધ પક્ષ ડેમોક્રેટિક એલાયન્સના નેતા છે. એલાયન્સે 2019ની છેલ્લી સામાન્ય ચૂંટણીમાં 62 ટકા જીત મેળવી હતી.

જુલિયસ માલેમા દ્વારા 2013 માં રચવામાં આવેલી ધ ઇકોનોમિક ફ્રીડમ ફાઇટર્સ પાર્ટી સંસદમાં ત્રીજો સૌથી મોટો પક્ષ છે. જ્યારે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જેકબ ઝુમાએ ગયા વર્ષે ડિસેમ્બરમાં પાર્ટીની રચના કરી હતી, જે આગામી ચૂંટણીઓમાં નોંધપાત્ર પક્ષ તરીકે ઉભર્યો છે. 81 વર્ષીય નેતાએ પોતાના પક્ષના પ્રથમ ચૂંટણી ઢંઢેરામાં રોજગારી અને ગુનોખોરીનો મુદ્દો ઉઠાવ્યો છે.

# INDIA UK

બ્રિટનમાં ભારતીય મહિલાઓ ગઈકાલે સંસદની સામે પરંપરાગત પોશાકમાં એકત્ર થઈ હતી, સામાન્ય ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીને રાજકીય સમર્થન આપ્યું

હતું. તમિલનાડુ, કર્ણાટક, આસામ, ગુજરાત સહિતના પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરતી આ મહિલાઓએ ભારતમાં લોકશાહીના ચાલી રહેલા પર્વની ઉજવણીમાં આગવી રીતે ભાગ લીધો હતો..યુકે સ્થિત ધી ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઑફ બીજેપીએ એક નિવેદન પ્રસિધ્ધ કરીને જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વૈશ્વિક મંચ પર ભારતની શાખને વધારીને ભારતીયોને ગર્વ અપાવ્યું છે.

# WEATHER

દક્ષિણ-પશ્ચિમ ચોમાસું દેશના સૌથી દક્ષિણ છેડે નિકોબાર ટાપુઓ પર પહોંચી ગયું છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ચોમાસું આગામી 48 કલાકમાં માલદીવ અને કોમોરિન વિસ્તાર અને બંગાળની ખાડી, નિકોબાર ટાપુઓ અને દક્ષિણ આંદામાન સમુદ્રના કેટલાક ભાગો તરફ આગળ વધી રહ્યું છે. ચોમાસું 31 મે સુધીમાં કેરળ પહોંચે તેવી શક્યતા છે.

દરમિયાન, હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી દેશના દક્ષિણ ભાગમાં ભારે વરસાદની આગાહી કરી છે. દક્ષિણ દ્વીપકલ્પના વિસ્તારોમાં આગામી 5 દિવસ સુધી ભારે વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે. તામિલનાડુ અને કેરળમાં 21 મે સુધી છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ થઈ શકે છે.

# Delhi - CEO

દિલ્હીની મુખ્ય ચૂંટણી કાર્યાલયની "સંકલ્પ પત્ર પહેલ" ને ચૂંટણીમાં સહભાગિતાને પ્રોત્સાહન આપવા માટે નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે.

અત્યાર સુધીમાં લગભગ 16 લાખ પ્રતિજ્ઞાપત્રો વાલીઓના હસ્તાક્ષર સાથે પાછા મળ્યા છે, જે આગામી ચૂંટણીમાં ભાગ લેવાની તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારી પી. કૃષ્ણમૂર્તિએ આ તમામ માતાપિતાને 25 મેના રોજ મતદાન પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લેવા વિનંતી કરી છે. તેમણે કહ્યું કે લોકશાહીના આ તહેવારમાં દરેક મત કિંમતી છે, તેથી તેઓએ તેમના મતાધિકારનો ઉપયોગ કરવો જ જોઇએ.

સંકલ્પ પત્ર પહેલનો ઉદ્દેશ મતદાનના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો અને શાળાના બાળકોના પ્રભાવનો લાભ ઉઠાવવા માટે તેમના માતાપિતાને તેમના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહી પ્રક્રિયામાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

## Kargil Election

લદ્દાખમાં જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું છે કે લદ્દાખ લોકસભા મતવિસ્તારમાં નિષ્પક્ષ અને પારદર્શક મતદાન સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી વ્યવસ્થા પુર્ણ કરવામાં આવી છે.

ચૂંટણી પંચ દ્વારા નિર્ધારિત નિયમો અનુસાર, 279 મતદાન મથકોમાંથી, 118 સંવેદનશીલ કેન્દ્રો તરીકે ઓળખવામાં આવ્યા છે. આ મતદાન મથકો પર વ્યાપક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

તમામ સંવેદનશીલ મતદાન મથકો સહિત કુલ 140 મતદાન મથકો પર મતદાન પ્રક્રિયા પર નજર રાખવા વેબકાસ્ટિંગ કરવામાં આવશે. કારગિલ હેડક્વાર્ટરથી ચૂંટણી પ્રક્રિયા પર દેખરેખ રાખવા માટે જિલ્લા ચૂંટણી કાર્યાલય ખાતે નિયંત્રણ અને દેખરેખ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે.

તમામ સંવેદનશીલ મતદાન મથકો પર કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળના જવાનોને બંદોબસ્ત માટે ગોઠવવામાં આવ્યા છે.

# PRESIDENT NILAM

આજે દેશના છઠ્ઠા રાષ્ટ્રપતિ નીલમ સંજીવ રેડ્ડીની જન્મજયંતી છે.. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પૂર્વ રાષ્ટ્રપતિ નીલમ સંજીવ રેડ્ડીને તેમની જન્મજયંતિ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. નીલમ સંજીવ રેડ્ડીએ 25મી જુલાઈ 1977થી 25મી જુલાઈ, 1982 સુધી ભારતના છઠ્ઠા રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી. 19મી મે 1913ના રોજ આંધ્ર પ્રદેશના ઈલુરમાં જન્મેલા રેડ્ડી ભારતના પ્રખર  રાજકારણી હતી.. તેમના ગૃહ રાજ્યના વિકાસ માટેના તેઓ હિમાયતી હતા.

# Hariyana CEO

હરિયાણાના મુખ્ય ચૂંટણી અધિકારી અનુરાગ અગ્રવાલે જણાવ્યું છે કે આદર્શ આચાર સંહિતાના ઉલ્લંઘનની ફરિયાદોના નિકાલ માટે ચૂંટણી પંચ દ્વારા વિકસાવવામાં આવેલી સી-વિજિલ એપ અસરકારક સાબિત થઈ રહી છે.

શ્રી અગ્રવાલે કહ્યું કે હરિયાણાના મતદારો આ બાબતે સંવેદનશીલ છે. તેઓએ આચારસંહિતા અંગે વધુ ફરીયાદો પંચને મોકલી છે. આવી છ હજાર પાંચસો 40 ફરિયાદોમાંથી છ હજાર પાંચસો 23નો નિકાલ કરવામાં આવ્યો છે.

શ્રી અગ્રવાલે હરિયાણાના 2 કરોડ 76 હજાર 441 મતદારોને વિનંતી કરી હતી કે જ્યારે પણ તેઓને ચૂંટણી દરમિયાન કોઈ પણ પ્રકારના પ્રલોભન અથવા ધમકી વિશે કોઈ માહિતી મળે, તો તેઓએ સી-વિજિલ એપ્લિકેશન દ્વારા આયોગને જાણ કરવી જોઈએ. આ અંગે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે.

# HEAT WAV

રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ગુજરાત, પંજાબ, હરિયાણા-ચંદીગઢ-દિલ્હી, મધ્યપ્રદેશ, કેરળ અને તમિલનાડુમાં આજે ગરમીનું ભિષણ મોજુ ફરી વળ્યુ છે.

ભારતીય હવામાન વિભાગ (IMD) એ આગામી પાંચ દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ, પૂર્વ અને મધ્ય ભારતના મેદાનોમાં તીવ્ર ગરમીની સ્થિતિ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

દક્ષિણપશ્ચિમ ચોમાસું આજે માલદીવ અને કોમોરિન વિસ્તાર, બંગાળની ખાડી, નિકોબાર ટાપુઓ અને દક્ષિણ આંદામાન સમુદ્રના ભાગોમાં આગળ વધ્યું છે. IMD એ પણ જણાવ્યું હતું કે બુધવાર સુધી દક્ષિણ દ્વીપકલ્પના ભારતમાં ભારે વરસાદની સંભાવના છે. ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ અને મેઘાલયમાં પણ આવી જ સ્થિતિ સર્જાવાની શક્યતા છે. બુધવારની આસપાસ દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડીમાં નીચા દબાણનું ક્ષેત્ર બને તેવી શક્યતા છે.

દરમિયાન, દિલ્હીમાં દિવસ દરમિયાન ગરમીનો પારો 44 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચતા ગરમીની સ્થિતિ જોવા મળી હતી.

# PM MODI

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે 4 જૂન પછી ભાજપ સરકાર બનાવશે અને દરેક ભ્રષ્ટ વ્યક્તિને જેલમાં મોકલવામાં આવશે. પશ્ચિમ બંગાળના પુરુલિયા લોકસભા મતવિસ્તારમાં એક જાહેર સભાને સંબોધતા તેમણે કહ્યું કે, ટીએમસી સરકારને એસસી, એસટી અને દલિતોની ચિંતા નથી. તેમણે આરોપ લગાવ્યો કે જો TMC અને કોંગ્રેસ દિલ્હીમાં સત્તા પર આવશે તો તેમની અનામત છીનવી

લેશે. શ્રી મોદીએ કહ્યું કે ડૉ બીઆર આંબેડકર ધાર્મિક આધાર પર આરક્ષણના સમર્થનમાં ન હતા.

આ પહેલા શ્રી મોદીએ ઝારખંડના જમશેદપુરમાં પાર્ટીના ઉમેદવાર બિદ્યુત વરણ મહતો માટે ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી. આ પ્રસંગે બોલતા શ્રી મોદીએ કહ્યું કે 2024ની લોકસભાની ચૂંટણી દેશના વર્તમાન અને ભવિષ્યને મજબૂત કરવાની છે.

કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા તેમણે કહ્યું કે, પાર્ટી વેપારી સમુદાયને દેશના દુશ્મન માને છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું નામ લીધા વિના પ્રહારો કર્યા હતા..

બીજીતરફ બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ આજે ઉત્તર પ્રદેશના બસ્તીમાં એક ચૂંટણી રેલીને સંબોધી હતી. તેણીએ અગાઉની સમાજવાદી પાર્ટી સરકાર પર એસસી અને એસટી વર્ગના લોકોને તેમના બંધારણીય અધિકારોથી વંચિત રાખવાનો આરોપ લગાવ્યો હતો.

# BADMINTON

બેડમિન્ટનમાં ભારતનો દબદબો યથાવત રહ્યો છે.. ભારતીય શટલર સાત્વિક સાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ આજે થાઈલેન્ડ ઓપનની મેન્સ ડબલમાં ચેન બો યાંગ અને લિયુ યીની ચાઈનીઝ જોડીને સીધા સેટમાં 21-15, 21-15થી હરાવીને જીત મેળવી છે.

ગઈકાલે ભારતીયન જોડીએ ચીની તાઈપેઈના લુ મિંગ-ચે અને તાંગ કાઈ-વેઈને 21-11, 21-12થી હરાવી ટુર્નામેન્ટની ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

આ ટુર્નામેન્ટ સાત્વિક અને ચિરાગની કારકિર્દીમાં વિશેષ સ્થાન ધરાવે છે, કારણ કે તેમણે 2019 માં તેમની પ્રથમ સુપરસિરીઝ સ્તરની જીત માટે ટાઇટલ જીત્યું હતું.